# Greenlawns High School

QUESTION PAPER

MUMBAI - 400 036.

For the Termianl Examination Year 2020 — Subject : Gujarati L-II

Set by ____________________________ — Class : IX-A-B

No. of Copies ___________ Time : 2 1/2 Hrs. — Full Marks : 60

( SECTION - A ) (30 MARKS)

**સૂચના: દરેક પ્રશ્નોના ઉત્તર લખવા જરૂરી છે.**

પ્રશ્ન–૧ નીચે આપેલા નિબંધોમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ તૈયાર કરો. (૧૦)

૧) વૃક્ષો આપણા મિત્રો – વૃક્ષો વાવો, જીવન બચાવો,

૨) શ્રમનું ગૌરવ / પરિશ્રમ એજ પારસમણિ કહેવતને આધારે પ્રસંગ અથવા વાર્તા તૈયાર કરો.

૩) આપણા ધાર્મિક તહેવારો – મહારોગચાળામાં તમે કેવી રીતે ઉજવણી કરી. મુશ્કેલી વિશે ચર્ચા કરો.

પ્રશ્ન–૨ નીચે આપલો પત્ર વાંચી, સમજી તમારા શબ્દમાં તૈયાર કરો. (૭)

તમારી નાની બહેન / ભાઇને શાળાની ગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું છે. તેને અભિનંદન આપતો પત્ર લખો.

પ્રશ્ન–૩ નીચે પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો (૩)

(i) રૂઢિપ્રયોગના અર્થ લખી વાક્યને સાર્થક બનાવો

૧) રોકડો જવાબ :

૨) હવાઇ કિલ્લા :

૩) સૂરતી લાલા :

(ii) નીચે આપેલા શબ્દના દ્વિ–અર્થ શબ્દ લખો : (કોઇપણ બે) (૩)

૧) ઢાળ ૨) જરા ૩) ધોડો

(iii) નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો (૩)

૧) (શિવનું) ભયંકર નૃત્ય :

૨) પગથી માથા સુધી :

૩) સુકાનીનું કામ કરતો વહાણનો મુખ્ય ખલાસી :

(iv) નીચે આપેલા વાક્યનું કાળ બદલી વાક્ય ફરી લખો (૧)

૧) ગામમાં રામાયણ કથા ચાલતી નથી (વર્તમાનકાળ બનાવો)

(v) નીચે લીટી દોરેલાં શબ્દનું લિંગ (જાતિ) બદલી વાક્ય ફરી લખો. (૧)

૧) આજે <u>સેવક</u> સેવા કરવા માટે આવ્યો હતો.

(vi) નીચે આપેલા વાક્યમાંતી સંજ્ઞા શોધી પ્રકાર લખો. (૧)
અચાનક સૈનિકો લડાઇમાં જોડાય ગયા

(viii) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારો (કોઇપણ બે) (૧)

આધૂનીક : ................ પરમપરા : .................

લીખિતગ : .................. લીલિછમ : ..........

**SECTION : B (30 MARKS)**

સાહિત્ય ગુર્જરી (કોઇપણ ત્રણ)

પ્રશ્ન–૪ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

‘‘વરતું કેમ નહિ, જોગીદાસ ખુમાણ! તારું ગળું કયાં અજાણ્યું છે ?

૧) જોગીદાસે બાપુને કયો પ્રશ્ન પૂછયો ? હાદો ખુમાણ કયા–વિચારે ચડી ગયા ? (૨)

૨) જોગીદાસ કેવી રીતે મહારાજ વજેસંગના દરબારમાં પહોંચે છે? (૨)

૩) મહારાજ જોગીદાસ સાથે કેવું વર્તન કરે છે. ઉપર એપેલા વાક્યને આધારે સમજાવો (૩)

૪) જુવાન જોગીદાસ કેવી રીતે લોકોની પાસેથી પસાર થઇ જાય છે ? (૩)
‘‘લખમણ જાતિના અવતાર’’? સ્ત્રીઓ શા માટે કહે છે ?

પ્રશ્ન–૫ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

‘કાલ મિષ્ટાન્ન છે’ એ આનંદમાં તો આજનો શનિવારનો આ અડધો દિવસેય ભૂખ લગાવી તો દૂર રહી, પણ જાણે આજે જ લાડુનું જમણ ન જમ્યા હોય એ રીતે પસાર થઇ ગયો.

૧) દેવશંકર ને લાડુ ધીમે ધીમે ક્યારે ઓછા મળવા લાગ્યા ? તેમના જીવનમા શું પરિર્વતન આવ્યું ? (૨)

૨) દેવશંકર ની નોકરી ક્યારે અને શા માટે ગઇ હતી ?
બીજી નોકરી ક્યારે, કેવી રીતે ક્યાં મળી હતી ? (૨)

૩) દેવશંકરની થાળીમાં કઇ–કઇ વસ્તુ પીરસવામાં આવી ? દેવશંકરે બાજુમાં બેઠેલા માણસને શું કહ્યું ? (૩)

૪) શંકરલાલનો જીવ બળવા માંડયો તેથી તેમણે દેવશંકરને શું સમજાવી લાડુ ખાવા માટે કહ્યું ? (૩)

પ્રશ્ન–૬ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવન ત્યાં;
કૃષિક એ ઊઠી ત્યારે ''આવો બાપુ'' કહી ઊભો.

૧) શેલડીના ખેરતમાં શું પ્રવૃત્તિ થઇ રહી છે? તેનું વર્ણન કરો. (૨)

૨) ઘોડે ચઢી આવનાર વ્યક્તિ કોણ હતો? તેને જોનાર બાળકો અને વૃદ્ધ માતાનું વર્ણન કરો. (૨)

૩) રસે હવે દે ભરી પાત્ર, બાઇ! પ્રભુ કૃપા એ નકી એ ભરાશે. યુવાન આ વાક્ય કયારે અને શા માટે બોલે છે. (૩)

૪) આ કાવ્યના અંત ના પરિણામ થી તમારા વિચાર જણાવો. (૩)

પ્રશ્ન–૭ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

પરથમ પરણામ મારા, માતાજીને કહેજો રે,
માન્યું જેણે માટીને રતનજી.
ભૂખ્યા રહૈ જમાડયા અમને, જાગી ઉંઘ કયા એવાં
કાયાનાં કીધલાં જતનજી!

૧) કવિનો ટૂંકમાં પરિચય આપો ? (૨)

૨) કવિ ત્રીજા પ્રણામ કોને કરે છે ? શા માટે ? (૨)

૩) ચોથા પ્રણામ મિત્રને શા માટે કરે છે? જીવનમાં તેનો શો ફાળો છે. (૩)

૪) છેલ્લા પ્રણામ જગતને શા માટે કરે છે? તમારા વિચારે પ્રણામ કોને શા માટે કરવા જોઇએ. (૩)